- આંદામાન-પોર્ટબ્લેર-હેવલોક

અસારવાવાળા 1950 થી આપની સેવામાં

અખિલભારત ટુર્સ & ટ્રાવેલ્સ પ્રા.લિ.

સ્વતંત્ર હોટલ - વાહન - AIR બુકીંગ
9375527702/03/04/05/06/07
O.26564488 M.9426179642
સુરેન્દ્રનગર M. 7817817692 - 7878617692
www.akhilbharat.in

સૌથી સસ્તી વિમાન યાત્રા

પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ™

Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935

સ્પે.કેરાલા
કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલ્લમ બીચ
AC Deluxe Hotel • AC 2 x 2 Volvo Bus
રહેવા તથા જમવા સાથે • પ્લેન પીક - અપ્સ ટ્રેન
દિવસ-૮ ₹ 24500/-PP

દિલ્હી-અક્ષરધામ
હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, નૌકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા
રહેવા તથા જમવા સાથે • પ્લેન પીક - અપ્સ ટ્રેન
દિવસ-૬ ₹ 9000/-PP

નેપાળ-કાઠમંડુ
પોખરા, બનારસ, મનોકામનાદેવી, સૂરજકુંડ, અલ્લાહાબાદ, અયોધ્યા, લખનૌ, ગોરખપુર
AC Bus • રહેવા તથા જમવા સાથે • પ્લેન પીક - અપ્સ ટ્રેન
દિવસ-૯ ₹ 14800/-PP

સ્પે.હનીમુન ટુર
દિલ્હી-અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, કેલાંગ, જીસ્પા, પાલ બોર્ડર, અમૃતસર
Map AC Bus
રહેવા તથા જમવા સાથે • પ્લેન પીક - અપ્સ ટ્રેન
દિવસ-૯ ₹ 17200/-PP

બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઇકેનાલ, મદુરાઇ, કન્યાકુમારી, પદ્મનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ-કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબલીપુરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી
દિવસ-૧૨
AC 2x2 પુશ બેક બસ • રહેવા તથા જમવા સાથે • પ્લેન પીક - અપ્સ ટ્રેન ₹ 23500/-PP

ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra

prayoshatoursandtravels@gmail.com

સૂરત શહર के लोहे के सबसे पुराने,
प्रतिष्ठित व्यापारी BALBIR

ESSAR 24 CARAT STEEL

लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी

सेल SAIL

शाह एन्ड कंपनी

JINDAL

रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना



सुखाराम ઓપ્ટીકલ હાઉસ

ઘોડદોડ રોડ - કામરેજ ચાર રસ્તા - વેસુ

ઓકલી, સીલોટ, ઓકસીડો, પોલીસ, ટેગ હ્યુયર, બોશ, અરમાની, પ્રાદા, કરેરા, રેબન, સ્ટેપર, ગુચી, પીયર કારદીન, ડી.એન્ડ જી. કલેકશન વિગેરે બ્રાન્ડની ફ્રેમો, ગોગલ્સ, કોસ્મેટીક લેન્સ, B & L કોન્ટેકલેન્સ વિગેરે હાજરમાં મળશે. કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેકટ લેન્સ કલીનિક

ઘોડદોડ રોડ	ચુ/૧-૨-૩-૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત. ફોન : 2666806, મો.- 78744 44876
કામરેજ ચાર રસ્તા	એફ/૬-૭-૮-૯, ધરમ એમ્પાયર, કામરેજ બસ સ્ટેન્ડની સામે, કામરેજ ચાર રસ્તા.૩૯૪ ૧૮૫. મો. - 95127 42045
વેસુ	જી/૨૬-ચુ/૨૬, સોમેશ્વરા સ્કવેર, આગમ હેરીટેજની સામે, સોમેશ્વરા એન્કલેવ, વેસુ, સુરત.મો. - 63510 20422

Sweet's Corner
+91 7567618956
+91 7043563111
Homemade Classic & Gourmet Flavour's | Cup Cakes
Flour Less Designer Cakes | Muffins | Chocolates | Donuts
Cookies Macaroons Creation For Your Special Occasions.
AA/18 Rajlaxmi Bungalows, Opp Ayyappa Temple, Zadeshwar Road, Bharuch

SUBJECT Account & Statistics
For std
11th & 12th
FY. B.Com
SY. B.Com
TY. B.Com
Learn Serve Evolve
A ladder to your success...
sarjan coaching institute
SURAJ B PATHAK
+91 98982 65950
2, Sindhvai Society, Sevashram Road, Opp. ICICI Bank, Bharuch

SINCE : 1982
Shivam EMPORIUM
FINEST FAMILY WEAR
જીયાણાના સ્પેશ્યાલીસ્ટ
BORN BABY ITEMS
☎: 02642 - 241928
A/1, Shalimar Shopping Center, Opp. Hotel Plaza, Station Road, Bharuch.

GUJARAT® Footwear
wedding Special Collection
First Time in Bharuch Footwear on EMI
BAJAJ FINSERV EMI FINANCE
SUNDAY OPEN
TRUSTED LEADING MULTI BRAND FOOTWEAR SHOWROOM IN BHARUCH
Opp. Rungta School, Station Road, Bharuch. 02642 - 240543

BodyCare Physio Therapy Clinic
ON PANEL : ONGC / DSCL
SPORT PHYSIO THERAPY
શું તમે નીચે જણાવેલ તકલીફોથી પીડાઈ રહ્યા છો ?
• શું તમને કમરનો દુઃખાવો છે?
• શું તમને ખભા/કોણી/ઘુટણનો દુઃખાવો છે?
• શું તમારા બાળકમાં જન્મજાત અપંગતા છે?
• શું તમને સાંધા/સ્નાયુનો દુઃખાવો છે?
• શું તમને ફેકચર પછી સાંધાના સ્નાયુમાં તકલીફ છે?
તો પછી તમારે અમારી અચુક મુલાકાત લેવી..
બોડીકેર ફિઝિયોથેરાપી ક્લિનિક શા માટે ?
• ૧૨ વર્ષથી વધુનો અનુભવ
• શહેરના હાર્દસમા વિસ્તારમાં રેલ્વે સ્ટેશન, બસ ડેપોના ૧૦ મિનિટના અંતરે.
• અત્યાધુનિક સાધનો તથા અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ.
• મહિલાઓ માટે અલાયદી સુવિધા.
• મહિલાઓની સારવાર મહિલા ફિઝિયોથેરાપીસ્ટ દ્વારા.
• એક સાથે ૨૦ થી વધુ દર્દીને સંપૂર્ણ સગવડો સાથે સારવારની ક્ષમતા.
• દર્દીના સગા સબંધી માટે મોકળાસ ભર્યો વેઇટીંગ એરીયા.
રંગોલી કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ભરૂચ. ફોન : ૦૨૬૪૨-૨૨૦૪૪૪, મો. ૯૪૨૬૧૧૨૩૪૯
ટાઇમ : સવારે - ૮.૦૦ થી સાંજે ૮.૦૦ સુધી

Hear N Say Speech & Hearing Clinic
Facilities
* Therapy for Misarticulation, Stuttering / Stammering
* Developmental Delay
* Hyper Active / Language Disorders
* Hearing Aids / Cochlear Implant Therapy
* Hearing loss related treatment
સુવિધાઓ :
* તોતડાવવુ, હકલાવવુ, મોડુ બોલતુ બાળક કે ના બોલતું હોય તેની સારવાર
* હાયપર એકટીવ / લેંગ્વેજ ડીસઓર્ડર (ઓટીઝમ, ADHD, અફેઝીયા)
* કાનનું મશીન / કોકલીયર ઈમ્પ્લાન્ટ પછીની સારવાર
* કાનની બહેરાશને લગતી સારવાર
* અવાજમાં થતી તકલીફો ની સારવાર
રંગોલી કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોન : 02642-220444 મો. 9428192914

ભરૂચનું અત્યાધુનીક ફિઝિયોથેરાપી સેન્ટર
શુ તમને કોઇ પણ જાતનો દુખાવો છે ?
શુ તમને કસરત થી કોઇ ફાયદો થતો નથી ?
લેસર થેરાપી થી સાંધા અને સ્નાયુ ની પીડા અને સોજા સાથે સંકળાયેલા
• મચકોડ અને ખેચાણ • કમરના મણકા ની સમસ્યા
• પીઠની દુખાવો • કેડરા અને સોજો
• ખભા અને ઘુંટણની તકલીફ • કંડરા અને કંડરાનાશક
• સ્પોટર્સ ઈજાઓ • પગની ઘુંટી ની સ્થિતિ
• ગરદનનો દુખાવો • અને ઘણુ બધું
On Panel ONGC & DSCL
BODY CARE PHYSIO THERAPY CLINIC
રંગોલી કોમ્પલેક્ષ, શાલીમાર ટોકીઝ, સ્ટેશન રોડ, ભરૂચ.
ફોનઃ 02642-220444 મોઃ 9426112349 ટાઇમ : 8 થી 8

YES PIZZA™
Quality Pizza of Our Town
Now at very Competitive Rate
UNLIMITED MEAL
LUNCH
ADULT ₹.149/-
CHILD ₹. 99/-
DINNER
ADULT ₹.179/-
CHILD ₹.159/-
Bring this cutting & Enjoy Unlimited meal with Free Unlimited Coke
Shree Uma Bhavan Marriaige Hall, Nr. H.P. Petrol Pump, Zadeshwar Road, Zadeshwar 02642-230261/ 230262

Bharuch's Own, Bharuch's Pride
LC+ LEARNING CENTER PLUS
SALUTING OUR REAL HEROES
JEE - NEET - GUJCET - BOARD
JOIN THE MISSION... FOR ADMISSION...
COLLEGE ADMISSIONS TIME PROVEN
41 ENGINEERING
10 MEDICAL PARAMEDICAL
11 ARCHITECTURE PURE SCIENCE
From Our Own Bharuch...
A COMPLETE SOLUTION FOR YOUR EDUCATIONAL NEEDS...
• Highly Disciplined ambience
• Goal Oriented Personaliased Approach
• State of the Art Infrastructure
• Standardised Course Material
• Regular Test Series
ONLY 20 SEATS FOR 11th & 12th EACH
Student Counseling Session "Success is My Right"
Jenika Patel B.E.(M.S.Uni.)
Divy Modi B.Tech.(Nirma)
Harsha Gunderwala B.E.(DDIT)
Nidhi Patel B.E.(L.D.Eng.)
Dhruvika Gohil BDS (Vadodara)
Harini Patel BDS (Vadodara)
Kinjal Patel BHMS(Vadodara)
Anjali Thakkar Physio.(Bhavnagar)
Divyang Patel B.Tech.(IIT RAM)
Ronak Amin B.E.(DDIT)
Darshit Hadeyal B.E.(G.H.Patel)
Meet Vyas B.E.(L.D.Eng.)
Nikita Gupta B.E.(GEC)
Jeet Devda B.E.(Raksha Uni.)
Harmish Pandya B.E.(SVIT)
Archi Patel Nursing(Zydus Col.)
Pankti Dave B.E.(G.H.Patel)
Boaz Xavier B.E.(Parul Uni.)
Dhyey Farasram Adv. Deploma
Krishna Patel Int. Des.(CEPT)
Ayushi Shah B.Arch.(VNSGU)
Abha Parikh B.Arch(D.C.Patel Col.)
Mansi Gadkari B.Arch(ITM)
Charmi Kapadia B.Sc.(M.S.Uni.)
9662547884-9327641535
601-602 ,7-X The Business Hub, Opp. Govt. Engg. College, College Road, Bharuch

આપે ઠંડક લાવે રૂઝ
જખ્મેરૂઝ થી રાહત અદ્ભૂત
ભાવસાર આયુર્વેદિક
જખ્મેરૂઝ®
ગુલાબી મલમ
જખ્મેરૂઝ
ખુજલી, ખસ, ખીલ, હાથ પગના ચીરા, દઝાયેલા-કપાયેલા, હરસ-મસા તેમજ ચામડીના રોગો માટે.
દરેક મેડીકલ અને આયુર્વેદિક સ્ટોર્સમાં ઉપલબ્ધ
ચચરતું નથી
૧૯૨૫ થી આપની સેવામાં
ભાવસાર કેમિકલ્સ પ્રા. લિ. વ્યારા (તાપી)
Customer Care: 02626 220015 · visit us: www.bhawsarayurveda.com

॥ૐ નમઃ શિવાય॥ ॥ૐ નમઃ શિવાય॥ ॥ૐ નમઃ શિવાય॥

અમદાવાદના આંગણે પ્રથમ વાર વિશ્વનું સૌથી ઊંચું 35.25 ફૂટ, 27 લાખ રુદ્રાક્ષ દ્વારા નિર્મિત

પધારો 27 લાખ રુદ્રાક્ષ શિવલિંગ ના દર્શન અને જલ અભિષેક માટે



૨૧ કુંડી હોમાત્મક મહારુદ્ર યજ્ઞ સવારે 9:00 થી 12:00

શિવ સાનિધ્યમાં સમુહ રુદ્રાભિષેક સવારે 8:00 થી 9:00

108 દીવાની મહા આરતી સાંજે 6:30 કલાકે

૨૧ પોથી શિવ કથા બપોરે 3:00 થી 6:00

દ્વાદશ જ્યોર્તિલિંગની ઝાખી

તા. 26 ફેબ્રુઆરી (મંગળવાર) થી તા. 6 માર્ચ (બુધવાર) 2019

રુદ્રાક્ષ શિવલિંગ પરંપરા ના સર્જક
4 વાર લિમ્કા બુક ઑફ રેકોર્ડ્સ દ્વારા સન્માનિત
શિવ કથાકાર
શ્રી બટુકભાઈ વ્યાસ



સ્થળ : કૈલાસ માનસરોવર ધામ, ગણેશ ગ્રાઉન્ડ, ઝાયડસ હોસ્પિટલની બાજુમાં, એસ.જી.હાઇવે, થલતેજ, અમદાવાદ
સહયોગી સંસ્થા : નવજીવન ફાઉન્ડેશન તથા રુદ્રાક્ષ રિસર્ચ ફાઉન્ડેશન (રજિ.)
Creative Partner rubicon

હોસ્ટેલ એડમીશન... વડોદરા શહેરમાં...

Naman Hostel
Ideal School

કે.જી. થી ધો. ૧૨ (ગર્લ્સ/બોયઝ) • ગુજરાતી/ઇંગ્લીશ મીડીયમ• સાયન્સ/કોમર્સ

એજ્યુકેશન: ૧૦૦% રીઝલ્ટ × ક્વૉલીફાઇડ અને એક્સપીરીયન્સ ટીચર × સ્પેશીયલ ટ્યુશન × સ્પોકન ઇંગ્લીશ ક્લાસ × પ્લે-વે મેથડ × JEE - NEET ની તૈયારી × દર મહિને ટેસ્ટ

ફેસેલીટી : સ્માર્ટ ક્લાસ × મેથ્સ લેબ ફીઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી લેબ × કમ્પ્યુટર રૂમ × લાઇબ્રેરી × સીસીટીવી કેમેરા × ન્યુટ્રીશીયન ફૂડ × કાઉન્સીલીંગ × ઓડીટોરીયમ × વિશાળ ગ્રાઉન્ડ

ગેમ : આઉટડોર ગેમ : ક્રિકેટ × ફૂટબોલ × વોલીબોલ × બેડમિન્ટન ઇન્ડોર ગેમ : ચેસ × કેરમ × ટેબલ ટેનિસ

એકટીવીટી: જૂડો × કરાટે × યોગા × પોઝીટીવ થીંકીંગ × પર્સનાલીટી ડેવલપમેન્ટ × કલ્ચરલ પ્રોગ્રામ × મ્યુઝીક × એકટીંગ ડ્રામા × આર્ટ એન્ડ ક્રાફ્ટ

Jambuva Crossing, Nr. Jambuva Bridge, N.H. No.8, Vadodara-390014
www.idealschoolvadodara.com www.namanhostelvadodara.com M: 9924205064 9824044905

TANISH
Physiotherapy & Fitness Clinic
૨૦૦૪ થી કાર્યરત ફિઝીયોઝોરાપીસ્ટ

Dr. Khushboo Joshi
M.P.T. [Ortho]. N.D.T. MIAP. M.I.A.F.T.
Certified Advance Fitness Trainer
Certified Aesthetic Practitioner

ઉપલબ્ધ સુવિધાઓ

- ફોઝન શોલ્ડર, આર્થ્રોસ્કોપી, સર્જરી પછીની કસરતો.
- ટેનીસ એલ્બો, ગાલ્ફર એલ્બો વગેરેની કસરતો.
- ઘૂંટણ-થાપના આર્થ્રોસ્કોપી સર્જરી કે રીપ્લેસમેન્ટ પછીની કસરતો.
- ઘૂંટણની ગાદી, લીગામેન્ટ ફાટી ગયા પછીની સારવાર.
- હાડકાના ફ્રેક્ચર પછીની કસરતો.
- કમરના માણકાનો ઘસારો, ગાદીની કે નસની તકલીફો, હાથ-પગમાં ઝણઝણાટી ભરાવી.
- પાર્કિન્સોનીઝમ,બ્રેલેન્સ પ્રોબ્લેમ્સ, લકવાની કસરતો, ટ્રેમરીયલ પાલ્સની કસરતો.
- મોઢુ ખોલવામાં તકલીફ, કેન્સર પછી મોઢુ ઓછુ ખુલ્વુ વગેરેની કસરતો.
- ગઠીયો વા, યુરીક એસીડથી થતો ગાઉટ, ઘૂંટણનો ઘસારો વગેરેના નિવારણ માટેની કસરતો.
- વેરાઇટી સીવવામાં થતી તકલીફ-ફુરીનરી ઇન્કન્ટીનન્સની સારવાર.

ફિઝીકલ મેકઓવર સ્ટેશન

વજન ઉતારવા માટે: કસરતો, ઇલેક્ટ્રીક સ્ટીમ્યુલેટર,ડાયેટ

ફિટનેસ કસરતો: પિલાટિસ યોગા, પાવરયોગા સ્ટ્રેંથ ટ્રેઇનીંગ, સ્ટેમીના બીલ્ડઅપ

કસરતના મશીનો: સાયકલ, ટ્વીસ્ટર,વેસ્ટાસ્ટૂબ,એન્ડ બ્રેગ્સ, જીમ બોલ, મેડીસીન,બોલ એન્ડ બ્રેગ્સ

બોડી ટોનીંગ અને ફર્મીંગ: ૧૬ ચેનલ ઇલેકટ્રોનીક મશીન સ્ટીમ્યુલેટર

ઇન્સ્ટન્ટ ઇંચ લોસ: કેવીટેશન, R.F., લેસર મીથે

ડાયેટ ફોર્મેશન: વજન ઉતારવા- વજન જાળવવા ફીટનેસ જાળવવા

ઓનલાઇન ફીટનેસ: કસરતની વીડીયો-ડાયેટ ફોર્મેશન-સતત માર્ગદર્શન

ફીટનેસ ફોર ઓલ: સીનીયર સીટીઝન, ખોડખાપણ વાળા આર્થરાઇટીસ વાળા, સ્થૌડીલાઇટીસ,વાળા લોકો પણ વજન ઉતારો

તનિશ કોસ્મેટીક અને હેર સેન્ટર

ખરતા વાળ-ખોળો: ખરતાવાળ-ખોડો, હેર સીરમ માટે હેર ટોનીક, હિર સીરમ મેસોથેરાપી વીથ ડર્માપેન

ખીલ-ખીલના ડાઘ: માઇક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ ક્રીમ બેસ પ્રોગ્રામ મેસોથેરાપી વીથ ડર્મારોલર

આંખના કાળા કુંડાળા: અન્ડર આઇ સીરમ, કેમીકલ પીલીંગ

શરીર ના કાળા ભાગ: બ્રગલ, કોણી, ઘૂટણ, ઘૂંટી માઇક્રોડર્માબ્રેશન, કેમીકલ,પીલીંગ, મેસોથેરાપી વીથડર્મારોલર, ક્રીમ બેઝ પ્રોગ્રામ

એન્ટી એજીંગ (વૃધ્ધ ગોથ): માઇક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ, મેસોથેરાપી વીથ ડર્મારોલર,ક્રીમ બેઝ પ્રોગ્રામ, સ્નો સેલ પીલીંગ

ઇન્સટન્ટ ફેરનેસ: માઇક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ ક્રીમ બેસ પ્રોગ્રામ મેસોથેરાપી વીથ ડર્મારોલર


સ્કીન મેઇનટેનન્સ: (દુધ નોર્મલ આઇસી સ્કીન, ક્રીમ બેઝ પ્રોગ્રામ માઇક્રોડર્માબ્રેશન, કેમીકલ,પીલીંગ,

સ્ટાર ટ્રીટમેન્ટ: સર્જકલ-એકને.... માઇક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ મેસોથેરાપી વીથ ડર્મા રોલ ક્રીમ બેઝ પ્રોગ્રામ

ક્લીનીક પર આવતા દરેક દર્દીને સલાહ ને કસરત માત્ર ડૉ. ખુશ્બુ જોશી દ્વારા જ કરાવવામાં આવે છે.

4 & 5, ધવલ એપાર્ટમેન્ટ, રાંદેર ટેલીફોન એરચેન્જની બાજુમાં અમીધારાવાડી ચોકસીવાડી રોડ, અજરામર ચોક, રાંદેર, સુરત.
94275 55696,97269 10173
હોમ વિઝીટ સુવિધા ઉપલબ્ધ છે.
Visit us on : www.tanishphysioandfitness.com

સુરતનું નવું નજરાણું
તાપી રીવરફ્રન્ટ પર નવા રંગરૂપ સાથે.



SUN CITY FANTASY PARK

• સમય : સાંજે 4-00 થી રાત્રે 11-00 •
તાપી રીવરફ્રન્ટ, મકાઇપુલ, અડાજણ, સુરત.
ગ્રુપ બુકીંગ સંપર્ક : 93274 30358

PIZZA ONE



₹150/- Lunch Unlimited
₹170/- Dinner Unlimited
₹120/- Chaild 3 to 8 Years

Items of Unlimited food
- 2 typs of soups
- 18 typs of cold salad
- 5 typs of hot starters garlic bread with cheese
- 4 typs of pizzas
- Unlimited Cold drink
- One time Brownie with ice cream

Coupon and Mobile pic also available
Offer Validity 1 March to 31 March Maximam
20 person in one time
B-119-Monar, Gauravpath Road, Pal, Adajan, Surat.
89 80 84 8886

Dr. Hetal's
Advanced Dentistree
Since 2000

Dr. Hetal Tamakuwala
B.D.S. (B.J.Medical, Ahmedabad) - 2000
Basic Implantology Course - 2017
Advance Implantology Course - 2018

Now BIGGER & BETTER



FAMILY CHECK UP FOR ₹500/- + BRUSH 2 +2

DENTAL IMPLANT | CROWN & BRIDGE | ORTHODONTIC TREATMENT

- ROOT CANAL TREATMENT
- TOOTH EXTRACTION
- PEDIATRIC TREATMENT
- ASETHETIC DENTISTRY
- VENEERS
- LIGHT CURE FILLINGS

222, Marvella Business Hub, Opp. R.T.O. Office, Pal, Surat.
81549 30063 | Time : 9.00 am to 1.00 pm & 4.00 pm to 8.00 pm

WALK WAY TO FITNESS GYM



Couple Offer ₹12,500/- Get 14 Months
Single ₹6,999/- Get 14 Months

ALL IN ONE PACKAGE
- Yoga - Zumba
- Diet Chart
- Weight Loss Training
- Muscles Training
- Steam Bath
- Workout Schedule According To Your Body
- GYM Bag

411-12-13, Lift- C, 4th Floor, Raj Victoria, Nr. Saurabh Police Chowki, Pal Gam Circle, Pal, Adajan, Surat.
CONTACT 70461 69900
E-mail : walkwayfitness@gmail.com

S.H Furniture Store
Design Your Comfort
BAJAJ FINSERV | 0 INTEREST EASY EMI

મહાશિવરાત્રી સ્પેશ્યલ ઓફર
ફર્નીચર ખરીદો સરળ હપ્તે થી એ પણ
0% ડાઉન પેમેન્ટ
0% ફાઈલ ચાર્જ
0% પ્રોસેસીંગ ચાર્જ
0% વ્યાજ વગર



Lara Sofa Set ₹22,999/- INCLUDING ALL TEX
Checks Corner Sofa Set ₹25,999/- INCLUDING ALL TEX
Sofa Cum Bed ₹44,999/- INCLUDING ALL TEX
Queen Size Bed ₹15,999/- INCLUDING ALL TEX
Bed Room Set ₹44,999/- INCLUDING ALL TEX
Glass Top Dining Table ₹13,999/- INCLUDING ALL TEX

સોફા સેટ, બેડરૂમ સેટ, મેટ્રેસીસ, ડાઈનીંગ ટેબલ, ટી. વી. યુનિટ, સેન્ટર ટેબલ, વોલપેપર, ફ્લોરીંગ, કિચન, પેઈન્ટ, પીઓપી તથા તમારી સાઈઝ મુજબ ફર્નીચર બનાવવી આપવામાં આવશે.

જી-૧૬, ઈન્ફિનિટિ બીઝનસ હબ, મારૂતિ સુઝુકિ કટારીયા શોરૂમની સામે,પાલનપુર, પાલનપુર ગામ, સુરત ૩૯૫ ૦૦૬
Store Time : 10.30am to 9.00pm
87803 66852 / 90336 04121
Sunday Open

Kala Shrishti

ખાસ ઓફર
એક જન્મ કુંડળી જોવા ઉપર
• ઓરા સ્કેનીંગ ફ્રી
• પ્લેનેટરી સ્કેનીંગ

હેન્ડરાઈટીંગ એનાલીસીસ ઉપર સીગનેચર એનાલીસીસ ફ્રી

નીશાલ આર્કેડ 231, પાલ આર.ટી.ઓ. સામે પાલ,સુરત.
Mo.: 99787 43075
આ ઓફર કટીંગ લાવનાર ને ઉપલબ્ધ છે.

તમામ પ્રકારની પાણી ટાંકી ની સફાઇ



અન્ડરગાઉડ અને ટેરેસ
Sparkle Cleaning Services

ભરૂચ અને અંકલેશ્વર
Call:9879518114/7016006653

MRUTYUNJAYA
Kerala Ayurveda Panchkarma Clinic
(Complete Medical Treatment Center)

Working Time 7 am to 9 pm Everyday
All Types of Disease In Medicine And Treatment Available Here

Consulting Time 4pm To 7pm Everyday
Vaidya : Suresh Babu Ayurveda Kalari Varma Siddha Physician

Mob: 8735828787 / Office: 7046659204
B-45, Saibaba Soc. Near Shambhu Dairy, Link Road, Bharuch. 392001



અંકલેશ્વર જીઆઈડીસીમાં ૩ પે એન્ડ યુઝ શૌચાલય લોકાર્પણની રાહમાં

અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં ત્રણ સ્થળોએ નવનિર્મિત પે એન્ડ યુઝ શૌચાલયો તૈયાર થઈને લોકાર્પણની રાહ જોતાં ઊભા છે પણ કોઈને સમય નથી.

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં ૧૨૦૦થી વધુ એકમો છે અને એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત છે. એક સમયે આટલી મોટી ઔદ્યોગિક વસાહતમાં એક પણ જાહેર શૌચાલય ન હતા. જેને લીધે ગમે ત્યાં લઘુશંકા-ગુરૂશંકા માટે લોકો ઊભા થઈ જતા હતા અને ભારે ગંદકી ફેલાઈ જતી હતી. આ સમસ્યાાં નિરાકરણ માટે છેવટે ઉદ્યોગ મંડળ, નોટીફાઈડ એરિયા દ્વારા ત્રણ સ્થળે જાહેર શૌચાલયનાં પ્રોજેક્ટ અંતર્ગત અંકલેશ્વર વાલિયા ચોકડી, એશિયન પેઈન્ટ્સ ચોકડી તથા જીઆઈડીસી પોલીસ મથકની સામે ત્રણ પે એન્ડ યુઝ શૌચાલયોનું નિર્માણકાર્ય સંપૂર્ણ થઈ ગયું છે. પરંતુ એની લોકાર્પણવિધિ હજુ સુધી થઈ નથી. જેના લીધે લોકો માટે હાલ બિનઉપયોગી સાબિત થઈ રહ્યા છે.

એક તરફ દેશભરમાં સ્વચ્છતા મિશનના પડઘમ વાગે છે ત્યારે રોજના હજારો લોકોની અવર જવરથી ધમધમતી ઔદ્યોગિક વસાહતમાં હજુ પણ લોકોએ જાહેરમાં જ હાજતે જવું પડી રહ્યું છે. નિર્માણકર્તા સંસ્થાઓ આ અંગે વહેલી તકે કોઈક સંચાલક સંસ્થા શોધે અથવા તો પોતે જ લોકાર્પણવિધિ કરી જાહેર શૌચાલયો શરૂ કરાવે એવી વ્યાપક માંગ ઊઠી રહી છે.

રાજદ્રોહના ગુનાની મુદ્દત પર અલ્પેશ કથીરિયાને કોર્ટ સમક્ષ હાજર નહીં કરાયો

સુરત

પાટીદાર આંદોલન દરમિયાન અમરોલી પોલીસ મથકમાં નોંધાયેલા રાજદ્રોહના ગુનાની મુદ્દત પર લાજપોર જેલમાં રહેતા અલ્પેશ કથીરિયાને લાજપોર જેલમાંથી પોલીસ બંદોબસ્ત નહીં મળતા તેને કોર્ટ સમક્ષ હાજર કરવામાં નહીં આવતા વધુ સુનાવણી ૧૬મી માર્ચના રોજ રાખવાનો અદાલતે હુકમ કર્યો હોવાનું બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહવાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે પાટીદાર આંદોલન દરમિયાન મોટા વરાછાની ક્રિષ્ણા રેસિડેન્સી ખાતે રહેતા વિપુલ દેસાઈ અને ચિરાગ દેસાઈને ત્યાં જઈને પોલીસ વિરુદ્ધ બેફામ નિવેદનો કર્યા હતા. અમરોલી પોલીસ મથકમાં તાત્કાલિક ડીસીપી મકરંદ ચૌહાણે હાર્દિક સહિત અન્ય આરોપીઓ સામે રાજદ્રોહના ગુનો દાખલ કર્યો હતો. આ ગુનામાં અલ્પેશ કથીરિયાની ડીસીબી દ્વારા ધરપકડ કરાયા બાદ તેને જામીન મુક્ત પણ કરવામાં આવ્યો હતો. પરંતુ કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિનો ભંગ કરતા ડીસીબી દ્વારા તેના જામીન રદ માટેની એક અરજી કોર્ટ સમક્ષ કરવામાં આવી હતી. સુરત કોર્ટે તેના જામીન રદ કર્યા હતા. ત્યારબાદ લાજપોર જેલમાં મોકલી લેવાયેલા અલ્પેશ કથીરિયાની આજે રાજદ્રોહના ગુનાની મુદ્દત હતી પરંતુ લાજપોર જેલમાંથી પોલીસ જાપ્તા ન મળતા તેને હાજર કરી શકાયો ન હતો. વધુ સુનાવણી ૧૬મી માર્ચના રોજ હાથ ધરાશે.

અંકલેશ્વરની એસેન્ટ સ્કૂલ ખાતે નેશનલ સાયન્સ ડેની ઉજવણી કરાઈ

અંકલેશ્વર

અંકલેશ્વર સ્થિત એસેન્ટ સ્કૂલમાં નેશનલ સાયન્સ ડેની ઉજવણી ગુરૂવારના રોજ કરાઈ હતી.

નેશનલ સાયન્સ ડેની ઉજવણી અંતર્ગત સ્કૂલના વિદ્યાર્થીઓએ ભારતનાં પ્રખ્યાત વૈજ્ઞાનિકો તેમજ ખગોળશાસ્ત્રીઓ સી.વી. રામન, ડૉ. અબ્દુલ કલામ, રાકેશ શર્મા, નીલ આર્મસ્ટ્રોંગ, કલ્પના ચાવલા, સુનીતા વિલિયમ્સ વગેરેના પાત્રો ભજવ્યા હતા. ધો.૩ થી ૯નાં વિદ્યાર્થીઓએ વિવિધ વિજ્ઞાન પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. સ્કૂલનાં પ્રિન્સીપાલ રૂમા મુખર્જી તથા સિનિયર ટીચર શાબિયા ઝાએ વિદ્યાર્થીઓને ભવિષ્યના વૈજ્ઞાનિક તેમજ એસ્ટ્રોનોટ્સ બનવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યા હતા. આ પ્રસંગે સ્કૂલ સંચાલિકા અને મેનેજિંગ ટ્રસ્ટી બીના કાગજવાલા તથા વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

૧૮ લાખનું કેમિકલ ભરેલ ટેન્કર સાથે ચાલક નાસી છૂટયો

સુરત

હજીરા અદાણી પોર્ટ ઉપરથી મોનો ઈથાઈલ ગ્લાઈકોલ કેમિકલ ભરેલુ ટેન્કર લઈને ટેન્કર ચાલક ભાગી ગયો.

હજીરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગત ૨૪/૨/૨૦૧૯ના રોજ એમ.આર. શાહ લોજિસ્ટક પ્રા.લિ.નું ટેન્કર જીજે-૧૨-ઝેડ-૩૩૬૫ હજીરા અદાણી પોર્ટથી રવાના થયું હતું. આ ટૈન્કરમાં ૧૮.૬૮ લાખની કિંમતનો ઈથાઈલ ગ્લાઈકોલ કેમિકલ સાથે ચાલક ગુરૂપ્રિતસિંગ સુરજીતસિંગ જાટ ઉ.વ. ૨૯ રવાના થયો હતો. ગતરોજ ૧/૩/૨૦૧૯ સુધી ટેન્કર ચાલક નિર્ધારિત જગ્યાએ ડિલીવરી માટે ગયો પહોંચ્યો ન હતો. આ બનાવ અંગે ઠારામ વાલારામ ચૌધરી ઉ.વ. ૨૮ રહે. એચ/૪ કિષ્ણા કોમ્પ. રિલાયન્સ કોલોની કિષ્ણાનગર ઓલપાડ દ્વારા હજીરા પોલીસ મથકમાં ટેન્કર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આશરે ૧૦ લાખની કિંમતનું ટેન્કર અને ૧૮.૬૮ લાખનું કેમિકલ મળી કુલ ૨૮.૬૮ લાખનો મુદ્દામાલ લઈ જઈ કેમિકલ કયાંક સગેવગે કરી નાખી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાનો ગુનો નોંધાવ્યો છે. હજીરા પોલીસે ગુનો નોંધી નાસી છૂટેલ ટેન્કર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

વરાછામાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો રાખનાર બે સંસ્થા સીઝ

સુરત

ઈસ્ટ ઝોન-એ ખાતે આરોગ્ય વિભાગ દ્વારા તા.૧-૩-૨૦૧૯ના રોજ ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારીની સીધી દેખરેખ હેઠળ ઝોન વિસ્તારમાં સગન પ્લાસ્ટિક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. કામગીરી દરમ્યાન લંબેહનુમાન વોર્ડ તથા નવાગામ-બી વોર્ડ ઓફિસના વિસ્તારમાં ચેકિંગ દરમ્યાન પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતી સંસ્થા પાસે પ્રતિબંધિત પ્લાસ્ટિક જોવા મળતા લંબેહનુમાન વોર્ડ ખાતે કિરણ પ્લાસ્ટિક, સમર્પણ એપાર્ટમેન્ટ, ઈશ્વરકૃપા રોડની સંસ્થામાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ૬૫૦ કિ.ગ્રા. જેટલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. નવાગામ-બી વોર્ડ વિસ્તારમાં કિષ્ણા પ્લાસ્ટિક, ૨૫ રાજહંસ શોપિંગ, અનુરાધા સોસાયટીના નાકે, બરોડા પ્રિસ્ટેઝના વિક્રેતા પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ૫૧૬ કિલોનો જથ્થો જપ્ત કરવામાં આવેલ. આમ બંને સંસ્થાના માલિક સવજીભાઈ કાનાભાઈ કણજરીયા પાસેથી કુલ ૧૧૬૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી બંને સંસ્થા સીઝ કરવામાં આવેલી હતી.



આદિવાસી સમાજનું હિત રાજ્ય સરકારના હૈયે વસેલું છે

રાજકીય ઇચ્છાશક્તિ અને ઇજનેરી કૌશલથી દુર્ગમ આદિવાસી વિસ્તારમાં પણ પીવાના અને સિંચાઇના પાણીની સુવિધા ઉપલબ્ધ થઇ છે : ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા



વનબંધુ કલ્યાણ યોજનાના અમલીકરણ થકી આદિવાસી વિસ્તારની કાયાપલટ થઇ છે

આદિવાસી વિસ્તારના ખેડૂતોના લાભાર્થે કરોડો રૂપિયાની સિંચાઇ યોજનાઓ મંજુર







તાપી જિલ્લાના ગુણસદા ખાતે કરોડો રૂપિયાના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું

રાજ્ય સરકારે ૮૫ હજાર આદિવાસીઓને અંદાજે ૧૩ લાખ હેકટર જંગલ જમીનના અધિકારો આપ્યા છેઃ ગણપતસિંહ વસાવા

વ્યારાઃ

ગુજરાત સરકારે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિવાસી વિસ્તારમાં રસ્તા, પાણી, વિજળી, આરોગ્ય, સિંચાઇ, શિક્ષણ જેવી પાયાની સુવિધાઓ વધારવા માટે રૂા. ૭૦ હજાર કરોડનો ખર્ચ કર્યો છે. આદિવાસી સમાજનું જીવનધોરણ ઉંચું આવે એ માટે રાજ્ય સરકાર સતત ચિંતિત છે. રાજ્ય સરકારના હૈયે આદિવાસીઓનું હિત વસેલું છે એમ, રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું.

તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ગુણસદા ખાતે કરોડો રૂપિયાના વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત/લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મંત્રી ચૂડાસમાએ જણાવ્યું હતું કે, પાણી વિકાસનું મૂળ છે માટે જ રાજ્ય સરકારે દ્રઢ રાજકીય ઇચ્છાશક્તિ અને ઇજનેરી કૌશલથી દુર્ગમ આદિવાસી વિસ્તારમાં પણ પીવાના અને સિંચાઇના પાણીની સગવડ ઉપલબ્ધ કરાવી છે એમ જણાવી તેમણે રાજ્ય સરકારની અનેકવિધ લોકકલ્યાણલક્ષી યોજનાઓની માહિતી આપી, ભૂતકાળમાં દેશમાં વોટબેન્કની રાજનીતિ થતી હતી પરંતુ ગુજરાતે દેશમાં વિકાસની રાજનીતિ શરૂ કરી છે એમ જણાવ્યું હતું.

તેમણે કેન્દ્ર સરકારની કામગીરીની છણાવટ કરતાં જણાવ્યું હતું કે, આઝાદીના ૫૫ વર્ષમાં ન થયું હોય તેવું કામ વર્તમાન સરકારે માત્ર ૫૫ મહિનાઓમાં કરી દેખાડયું છે. વર્તમાન સરકારની વિદેશનીતિની પ્રસંશા કરતા તેમણે ઉમેર્યું હતું કે, આતંકવાદ વિરોધી ભારતે શરૂ કરેલી મુહિમમાં આજે વિશ્વ આખું ભારતની પડખે ઉભું છે જે વર્તમાન સરકારની મોટી ઉપલબ્ધિ છે.

ગુજરાત સરકારે પાણીનું મહત્વ સમજીને જળસંચય અભિયાન હાથ ધર્યું છે. જેનાથી રાજ્યમાં પાણીના બચાવની સાથે ભૂગર્ભ જળનું સ્તર પણ ઉંચું આવ્યું છે, એમ જણાવી તેમણે ગુજરાતના સર્વાંગી વિકાસ સાથે સમતોલ વિકાસના પ્રયાસોમાં મહદઅંશે સફળતા હાંસલ કરી છે, એમ ઉમેરી તેમણે રાજ્ય સરકારની આદિવાસી વિકાસલક્ષી યોજનાઓની સરાહના કરી અનેકવિધ કલ્યાણલક્ષી યોજનાઓ દ્વારા રાજ્યની પ્રજાનો સર્વાંગીણ વિકાસ થઇ રહ્યો છે એમ વધુમાં જણાવ્યું હતું.

ભુતકાળની સરકારોએ આદિવાસી વિસ્તારના વિકાસ સામે દુર્લક્ષ સેવ્યું હતું, પરંતુ વર્તમાન રાજ્ય સરકારે વનબંધુ કલ્યાણ યોજના થકી આદિજાતિ વિસ્તારોની કાયાપલટ થઇ છે એમ જણાવી રાજ્યના આદિજાતિ વિકાસમંત્રી ગણપતસિંહ વસાવાએ અંબાજી થી ઉંમરગામ સુધીના આદિવાસી વિસ્તારમાં સરકારે પીવાનું પાણી, સિંચાઇનું પાણી, શિક્ષણ, આરોગ્ય સહિતની આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હોવાનું ઉમેર્યું હતું.

તેમણે રાજ્ય સરકારે આદિવાસી સમાજના આ વિસ્તારના ખેડૂતોની વર્ષો જૂની સિંચાઇની સગવડ આપવા માટેની માંગણી મંજૂર કરી છે જેમાં રૂા. ૯૧૨.૫૧ કરોડની સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુન્ડા તાલુકાને આવરી લેતી અને રૂા. ૭૧૯.૬૦ કરોડની નર્મદા જિલ્લાના ડેડિયાપાડા અને સુરત જિલ્લાના ઉંમરપાડા તાલુકાના ગામોને આવરી લેતી ઉદ્વહન સિંચાઇ યોજનાનો સમાવેશ થાય છે એમ જણાવી રાજ્ય સરકાર વર્ષોથી જંગલમાં રહી જંગલ જમીનનું ખેડાણ કરી ગુજરાન ચલાવતા ૮૫ હજારથી વધુ પરીવારોને અંદાજે ૧૩ લાખ હેકટર જમીન આપી હોવાનું જણાવી તેમણે ગુણસદા ખાતેના કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી ૯૯૫૭ આદિવાસીઓને જંગલ જમીનના અધિકારપત્રો આપવામાં આવ્યા છે એમ જણાવ્યું હતું.

આ ઉપરાંત તેમણે રાજ્ય સરકારે રાજપીપળા ખાતે રૂા. ૩૦૦ કરોડના ખર્ચે આદિવાસી યુનિવર્સીટી અને કેવડિયા ખાતે રૂા. ૧૦૦ કરોડના ખર્ચે આદિવાસી મ્યુઝિયમ બનશે તેમ જણાવ્યું હતું.

જળસંપત્તિ રાજ્યમંત્રી પરબતભાઇ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ખેડૂતોને સિંચાઇની તેમજ પીવાના પાણીની સગવડ મળે એ માટે કરોડો રૂપિયાના ખર્ચે અનેક પાણી પુરવઠા અને સિંચાઇના પ્રકલ્પોનું નિર્માણ કર્યું છે. તેમણે ખાતમુહૂર્ત કરવામાં આવેલી સિંચાઇ યોજનાઓ સાકાર થવાથી આદિવાસી ખેડૂતોની આવકમાં વૃદ્ધિ થશે તથા લોકાર્પણ કરવામાં આવેલી કાકરાપાર જૂથ પાણી પુરવઠા યોજનાથી માંડવી, માંગરોળ અને ઉંમરપાડા તાલુકાની પ્રજાને શુદ્ધ પીવાનું પાણી મળી રહેશે એમ જણાવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ભરૂચના સાંસદ મનસુખભાઇ વસાવા, બારડોલીના સાંસદ પ્રભુભાઇ વસાવા અને મહુવા-વાલોડના ધારાસભ્ય મોહનભાઇ ઢોડિયાએ પણ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને અન્ય મહાનુભાવોએ રૂા. ૯૧૧.૮૪ કરોડની સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુન્ડા તાલુકાની ઉદ્વહન સિંચાઇ યોજનાઓ, રૂા. ૧૯૯૯.૪૯ લાખનો વ્યારા-ખેરવાડા રોડ, ૧૫૦૦ લાખનો કરોડ-મોહિની-ટાવલી રોડ, રૂા. ૧૩૦૦ લાખનો વેલ્ધા-કવીઠા-કુકરમુન્ડા રોડ, રૂા.૧૧૩૦ લાખનો સોનગઢ-વાઘનેરા-બોરીસાવર રોડ, રૂા. ૧૧૦૦ લાખનો ધામણદેવી-સરાકેવડી રોડ, રૂા. ૯૫૦ લાખનો મીઢોળા નદી પરનો બ્રિજ એકોસ અને રૂા. ૭૫૦ લાખનો છીપણ ખાડી પરનો મેજર બ્રિજ એકોસનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું.

જ્યારે રૂા. ૨૭૯૩.૯૪ લાખના ખર્ચે નવનિર્મિત ડોલવણ, કુકરમુન્ડા અને ઉચ્છલ તાલુકાના તાલુકા સેવાસદનો, સુરત જિલ્લાના માંડવી, માંગરોળ અને ઉંમરપાડા તાલુકાના ગામોને આવરી લેતી રૂા. ૨૫૬.૧૫ કરોડની કાકરાપાર જૂથ પાણી પુરવઠા યોજના અને સોનગઢ ખાતે સોનગઢ નગરપાલિકા દ્વારા રૂા. ૧૨૫ લાખના ખર્ચે બનેલ ઓડિટોરિયમનું લોકાર્પણ કર્યું હતું.

નર્મદા જિલ્લાના ડેડિયાપાડા અને સુરત જિલ્લાના ઉંમરપાડા તાલુકાના ગામોને સિંચાઇની સગવડ મળી રહે એ માટેની રૂા. ૭૧૯.૬૬ કરોડની તાપી-કરજણ લિંક યોજનાની ઘોષણા કરવામાં આવી હતી. તથા જે.કે.પેપર લિમીટેડ દ્વારા રૂા. ૧૬૦૦ કરોડના ખર્ચે કરવામાં આવનાર પલ્પ મિલ અને બોકસ પેકેજીંગ પ્લાન્ટના આધુનિકરણ અને વિસ્તરણના કામનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન વન અધિકારપત્રો અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના ગોલ્ડન કાર્ડનું વિતરણ તથા પાણી પુરવઠા અને સિંચાઇ વિભાગની ટેલિફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સ્વાગત પ્રવચન કરતા જળસંપત્તિ ખાસ સચિવ કે.એ પટેલે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કાર્યક્રમના પ્રારંભે સાર્વજનિક હાઇસ્કૂલની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગતગીત તથા કલાવૃંદોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઇ ગામીતે અને આભારવિધિ પાણી પુરવઠાના સભ્ય સચિવ તુષારભાઇ ધોળકિયાએ આટોપી હતી.

કાર્યક્રમમાં સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રી ઇશ્વરભાઇ પરમાર, સહકાર રાજ્યમંત્રી ઇશ્વરસિંહ પટેલ, સોનગઢ નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન ચૌધરી, આદિજાતિ વિકાસ કમિશ્નર રંજીથકુમાર, જિલ્લા કલેકટર આર.એસ.નિનામા, જિલ્લા વિકાસ અધિકારી જે.બી. પટેલ, પોલીસ અધિક્ષક એન.એન. ચૌધરી, નાયબ વનસંરક્ષક આનંદકુમાર, સુમુલના ચેરમેન રાજુભાઇ પાઠક, વાઇસ ચેરમેન રિતેશભાઇ વસાવા, આદિજાતિ વિકાસ નિગમના ડિરેકટર પરેશભાઇ વસાવા, માજી મંત્રી મોતીભાઇ વસાવા, માજી મંત્રી કાંતિભાઇ ગામીત, યુનિવર્સીટીના સેનેટ મેમ્બર જયરામભાઇ ગામીત, ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના માજી અધ્યક્ષ કુંવરજીભાઇ હળપતિ, અન્ય પદાધિકારીઓ, સિંચાઇ વિભાગના અધિકારીઓ, પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ, જિલ્લાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ, લાભાર્થીઓ અને પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

બંધ એકાઉન્ટના ચેકો આપી બિલ્ડર સાથે રૂા. ૯૪.૯૮ લાખની ઠગાઈ

આરોપીઓએ મિલકત ઉપર રૂા. ૨.૪૪ કરોડની મોર્ગેજ લોન પણ લઈ લીધી

સુરત

બંધ એકાઉન્ટના ચેકો આપી રાજપેલેસની મિલકત ઉપર મોર્ગેજ લોન મેળવી કુલ્લે રૂપિયા ૯૪.૯૮ લાખની ઠગાઈ કરનાર બે જણાં વિરુદ્ધ બિલ્ડરે ફરિયાદ નોંધાવી હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મમતા પાર્ક સોસાયટીમાં રહેતા સંદીપ અશોકભાઈ ડાયાણીના રાજ પેલેસ ડેવલોપર્સની પૂણા કારગીલ ચોક ખાતેના પ્રોજેક્ટમાં આરોપી અનિલ લાલજી સુતરિયા, લલિત કનુ સુતરિયાએ મિલકત ખરીદી બંધ એકાઉન્ટ ચેકો આપ્યા હતા તેમજ આ મિલકત આરોપીઓએ મોર્ગેજ કરી બેન્કમાંથી રૂા. ૨.૪૪ કરોડની મોર્ગેજ લોન મેળવી હતી. ફરિયાદીના આપેલા ચેકો બાઉન્સ થયા હતા. ફરિયાદીની મિલકતના દસ્તાવેજ સહિતના કુલ્લે રૂપિયા ૯૪.૯૮ લાખ નહીં ચૂકવી બેન્કની લોન પણ ભરપાઈ નહીં કરી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. કાપોદ્રા પોલીસે ફીરયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ઝાલાવાડની ઐતિહાસિક નગરી હળવદ મહાશિવરાત્રી એ ૫૩૧ વર્ષની થઈ, ૫૩૨ માં વર્ષ માં મંગલ પ્રવેશ

હેપી બર્થ ડે ટુ હળવદ મહાવદી તેરસ સોમવારે મહાશિવરાત્રિ ઈ, સ, ૧૪૮૮ સંવત ૧૫૪૪ હળવદ નો પાયો નંખાયો હતો હળવદના લલાટે ઝાલા રાજવીઓનો ૫૦૦ વરસ નો ઈતિહાસ નાનકડા ગામે પોતાના ખોળામાં અનેક શોર્યઓને સમાવ્યા છે ૧૪૮૮માં હળવદ નો પાયો રાજા રાજોધરજીએ નંખાવ્યો હતો,



૧૪૮૮ના મહાવદ તેરસ સોમવાર નાખ્યો હતો ઝાલા રાજાઓની એક સમયે રાજધાનીનું શહેર હતું શોર્ય ભૂમિ હળવદ નો ઈતિહાસ પુરાતન છે ત્યારે જોગાનુજોગ આજે હળવદના વસવાટને ૫૩૧ વર્ષ પૂરા થઇ રહ્યા છે અને ૫૩૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે હળવદમાં અનેક શિવાલયો અને સુરાપુરા ની ખાંભીઓ પાળીયા અને ક્ષત્રિયો ના કારણે હળવદ એ દેશ-વિદેશમાં છોટા કાશી તરીકે નામના મેળવી ચૂક્યું છે

હળવદ ને નામ સાથે વિવિધ દંતકથાઓ છે જેમા જોઈએ તો ભગવાન શ્રી કૃષ્ણના વડીલ બંધુ હળધરજીના લઘુબંધુ રણછોડરાયનું મંદિર આ ગામની મધ્યમાં હાલમાં મોજુદ છે આ ગામનો વસવાટ હળજેવો હોય તેનું નામ હળવદ છે એવું પણ અનુમાન કરવામાં આવે છે ઈ,સ, ૧૪૮૮ના ને સોમવારે હળવદ ગામ નો પાયો રાજા રાજોધરજીએ નખાવ્યો હતો પહેલા હળવદ ની જગ્યા રે જંગલ હતું રાજોધરજી રાજા શિકારે નીકળ્યા ત્યારે એક સસલું રાજાના ઘોડા સામે થયો હતો તેથી રાજાને ઘણું આશ્ચર્ય થયું કે આ જગ્યા શુરવીર ની હોય તેવું લાગે છે માટે અહીં નગર વસાવો અને મહેલ બંધાવ્યો આ વીરભૂમિ ના પ્રતાપે ઘણા બધા લોકો શુરવીર થયા અને ઘણી સ્ત્રીઓ સતી થઈ જે હળવદના પ્રથમ કુંવારા સતી મોતીભાઈની સતી હતા જે જનક્ષત્રિય શુરાસતિ નામે આજે પણ ઓળખાય છે રાજોધરજી હળવદ ના પાદરે સામંત સરોવર બંધાવ્યું હળવદમાં મોટાભાગે બ્રાહ્મણો અને જનક્ષત્રિયો ની તે વખતે વસ્તી વધારે હતી ઘણા વર્ષો પહેલા હળવદ ને મહમહમદનગર તરીકે પણ જાણીતું હતી આ નગરને લાખણપુર તરીકે પણ ઓળખાતું હતું હતું હળવદ શહેરમાં સ્વામિનારાયણ ભગવાને ત્રણ દિવસ રોકાયા હતા અને શિવરામ જાનીના ઘરે મહારાજે નો થાળ નો સ્વીકાર કર્યો હતો સામંતસરોવરના કિનારે સુંદર મજાનો કાસ્ટ કામ માટે પ્રખ્યાત એવો મહેલ સ્થાપિત કરવામાં આવ્યો હતો હળવદ ફરતે નાના મોટા અનેક શિવાલયો આવેલા છે

હળવદમાં ટેનની શરૂઆત ૧૯૫૧માં બીજી એપ્રિલ ધાંગધ્રા થી હળવદ ટ્રેન આવી હતી રેલવે લાઈન નું બાંધકામ હળવદના જ રાવલ સમાજનું ગૌરવ એવા પ્રભાશંકર ભવાનીશંકર કર્યો હતો હળવદ એ દરિયાની સપાટીથી ૪૦ મીટર ઉપર છે અને ઉષ્ણતાપમાન સરેરાશ ૪૦ થી ૪૨ ડિગ્રી રહેશે સરેરાશ વરસાદ ૨૫ છેલ્લા પાંચસો વર્ષ સુધી ઝાલાવાડના ઝાલાઓ નું પાટનગર રહ્યું છે હળવદ ગામ ફરતે એક કિલો હતો જેની પહોળાઈ ૨૦ ફુટ હતી અને ત્રિજયા પાંચ કિમી હતી આ કિલા ને છ દરવાજા હતા ધાંગધ્રા દરવાજો દંતેશ્વર દરવાજો કુંભાર દરવાજો તળાવ દરવાજો શક્તિમાની બારી ગોરી ઘનશ્યામપુર દરવાજો,

હળવદ એટલે ભૂદેવોની નગરી આ નગરીમાં ભોજન નો ઈતિહાસ છે બ્રાહ્મણો જમી જાણે છે અને જમાડી પણ જાણે છે સામાજિક અને ધાર્મિક પ્રસંગો ઉત્સાહથી ઉજવાય છે બ્રહ્મચાયાસીઓ થાય છે પાળિયાનું નગર એટલે હળવદ આ નગર માં શુરવીરો દેવોના સ્મારકો પાળિયો લગભગ ચાર હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં પથરાયેલા છે ઈ, સ, ૧૯મીના ઉતરાર્ધની એક ગણતરી મુજબ ૩૭૬ થી વધુ પાળીયાઓ મોજુદ છે હળવદ ૪ અક્ષરોનું બનેલુ ગામ છે અને આ નાનકડું ગામ પોતાના ખોળામાં અને વિરાટ ઈતિહાસ સમાવીને બેઠું છે આ નાનકડા ગામના વડની શાખાઓ વિશ્વભરમાં પોતાની છાયા પાથરી જગતને ગામના ખમીર અને ખંત ના દર્શન કરાવી રહી છે સમગ્ર વિશ્વમાં હળવદના લાડુ અને ભૂદેવો પ્રખ્યાત છે એક વખતમાં ૭૦ લાડવા ખાનાર દુર્ગાશંકર સવાલી બાપા જગત પ્રખ્યાત ગણાતા હતા આજે પણ હળવદના અમુક બ્રાહ્મણો ૨૦ લાડવા સામાન્ય આરોગી જાય છે

દસ્ક્રોઈ તાલુકાના સીંગરવા ખાતે રૂ. ૭૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ

અત્યાધુનિક સરકારી હોસ્પિટલનું ગ્રહ રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા લોકાર્પણ કરાયું



અમદાવાદ જિલ્લા પંચાયતના આરોગ્ય કર્મચારીઓ દ્વારા પોલિયો અભિયાન, સીઝનલ ફ્લુ અને તમાકુ મુક્ત ગુજરાત અંગેના સપ્તધારા દ્વારા પપેટ શો અને નાટક રજુ કરાયા

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના સીંગરવા ખાતે ૫૦ પથારીવાળી અધતન સુવિધા ધરાવતી સરકારી હોસ્પિટલ, પંચાયત ઘર, પ્રાથમિક શાળા, ગ્રામીણ જન સેવા કેન્દ્ર,પાણીની ટાંકી વગેરે જેવા રૂ.૭૩ કરોડ ૪૪ લાખના વિવિધ વિકાસલક્ષી કામો લોકાર્પણ, ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે આયુષ્યમાન ભારત યોજના તથા ઉજજવલા યોજનાના લાભાર્થીઓને ગોલ્ડ કાર્ડ અને ગેસ કીટનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આયુષ્યમાન ભારતના કાર્ડ વિતરણ સમયે જિલ્લા વિકાસ અધિકારી અરુણ મહેશ બાબુ તથા જિલ્લા પંચાયતના પ્રમુખ જીતેન્દ્રસિંહ ચૌહાણ, અધિક નિયામક ડૉ. નિશીત ધોળકિયા, વિભાગીય નાયબ નિયામક ડૉ. જી.સી.પટેલ, એ.આર.ડી ડૉ. સતીશ મકવાણા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. શિલ્પા યાદવ, જિલ્લા આર.સી.એચ.ઓ. ડૉ. ગૌત્તમ નાયક ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં સપ્તધારાના અમદાવાદ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા આગામી પોલિયો અભિયાન તથા સીઝનલ ફ્લુ અને તમાકુ મુક્ત ગુજરાત બનાવવા માટેના પપેટ શો અને નાટક કરીને સમગ્ર ઓડિયન્સમાં આરોગ્યના સંદેશાઓ પહોંચાડીને જનજાગૃતિ ઉભી કરી હતી. અમદાવાદ જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા ખુબજ સુંદર ધ્યાનાકર્ષક આરોગ્યની જનજાગૃતિ દર્શાવતું આરોગ્ય પ્રદર્શન પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.

વિકાસકાર્યોનું લોકાર્પણ કરતા ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે સિંગરવાના લોકોને ઘરઆંગણે જ આરોગ્યની સુવિધા આપવાનું સપનું સાકાર થયું છે.ખુબ જ ટુંકા ગાળામાં આ હોસ્પિટલનુ નિર્માણ થયું છે તેનો યશ ગ્રામજનોની સક્રિયતા અને આરોગ્ય વિભાગને આભારી છે.લોક સેવાનું મુખ્ય માધ્યમ હોસ્પિટલ છે. સીંગરવાનુ આ આરોગ્ય સાચા અર્થમાં સેવાનું ધામ બની રહેવાનું છે.

આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમારે આ હોસ્પિટલમા આપવામાં આવનાર સુવિધાઓ વિશેની માહિતી આપી હતી.

આહવા ખાતે યોજાયો ઘરેલુ હિંસા અધિનિયમ અંતર્ગત કાયદાકિય માર્ગદર્શન સેમિનાર





આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય વહિવટી મથક આહવા ખાતે આવેલા ડા.આંબેડકર ભવન ખાતે તાજેતરમાં ઘરેલુ હિંસા અધિનિયમ અંતર્ગત કાયદાકિય માર્ગદર્શન સેમિનાર યોજાઇ ગયો.

આહવા ન્યાયપાલિકાના એડિશનલ ડીસ્ટ્રીક્ટ જડ્જ શ્રી અમીતકુમાર કાનાણીએ આ સેમિનારમાં ઉપસ્થિત રહીને સમાજમાં મહિલાઓથી સ્થિતિ તથા તેમના માટેની કાયદાકિય જોગવાઇઓનો વિસ્તૃત ખ્યાલ આપી, જિલ્લા પ્રશાસન તથા કાયદાકિય સંસ્થાઓ મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે હંમેશા પ્રતિબદ્ધ છે તેમ જણાવ્યું હતું.

દરમિયાન આહવાના નાયબ પોલીસ અધિક્ષક શ્રી વસાવાએ મહિલા સુરક્ષાને લગતા કાયદાઓની જાણકારી આપી હતી. દહેજ પ્રતિબંધક અધિકારી શ્રી એસ.ડી.સોરઠીયાએ ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ની છણાવટ સાથે તેની ઉપયોગી જાણકારી પુરી પાડી હતી. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી જે.એમ.ચૌધરી તથા બાળ સુરક્ષા અધિકારી શ્રી ચીરાગ જોષીએ પણ આ વેળા ઉપયોગી જાણકારી સાથે, ઉપસ્થિતોને માહિતગાર કર્યા હતા. આ સેમિનારમાં ૧૪૫ જેટલા પસંદગના લોકોએ ભાગ લીધો હતો.

ડાંગના જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા તાજેતરમાં નવરચિત સુબિર તાલુકા મથકે બાળલગ્ન : એક સામાજિક દુષણ વિષયક વર્કશોપનું આયોજન કરાયુ હતું.

સુબિર તાલુકા પંચાયત કચેરીના સભાખંડમાં આયોજિત આ વર્કશોપ દરમિયાન સામાજિક ન્યાય સમિતિના ચેરમેન સહિત દહેજ પ્રતિબંધક-સહ-રક્ષણ અધિકારી, બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-સમાજ સુરક્ષા અધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, પોલીસ અધિકાર, ચાઇલ્ડ લાઇન-૧૦૯૮ના પ્રતિનિધિ, આશા બહેનો, સખી મંડળના સભ્યો, આરોગ્ય કાર્યકરો, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, આંગણવાડી કાર્યકરો વિગેરે મળી કુલ-૧૮૦ લોકોએ ભાગ લીધો હતો. દરમિયાન ડાંગ જિલ્લામાં બાળલગ્ન નાબુદી અર્થે કાયદાકિય જોગવાઇઓથી પણ ઉપસ્થિત લોકોને અવગત કરાવાયા હતા.

બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી જે.એમ.ચૌધરીએ, ગત દિવસો દરમિયાન ડાંગ જિલ્લામાં ૧૨ જેટલા બાળલગ્નો અટકાવવામાં આવ્યા હતા તેમ જણાવી આ પૈકી એક કેસમાં પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે તેમ ઉમેર્યું હતું. જિલ્લામાં બાળલગ્નો ઉપર નિયંત્રણ લાવવા માટે જિલ્લાના પ્રજાજનો આવી બાબતોની જાણકારી આપી શકે છે તેમ જણાવી શ્રી ચૌધરીએ માહિતી/જાણકારી આપનાર વ્યક્તિનું નામ/સરનામુ ગુપ્ત રાખવામાં આવે છે તેમ પણ વધુમાં જણાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાબ્દિક સ્વાગત જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી ચિરાગ જોષી દ્વારા કરાયુ હતું. સંચાલન બિન સંસ્થાકિય સુરક્ષા અધિકારી શ્રી નિકોલસ વણકરે કર્યું હતું.

અંકલેશ્વરની એસઆરઆઈસીટીએ જીટીયુ કોલેજીસે રાજ્યભરમાં બીજો ક્રમ મેળવ્યો

અંકલેશ્વર

અંકલેશ્વરની શ્રોફ રોટરી ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેક્નોલોજી એસઆરઆઈસીટીએ રાજ્યભરની ટેકનિકલ કોલેજીસમાં બીજો ક્રમ મેળવ્યો છે.

એસઆરઆઈટીસીએ ત્રીજા સેમેસ્ટરના અંતે મળેલા પરિણામોમાં ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી જીટીયુ અંતર્ગત ૧૦૯ કોલેજીસમાં રાજ્યમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. જ્યારે કે દક્ષિણ ઝોનની ૧૯ કોલેજીસમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. જીટીયુ અંતર્ગત આવતી રાજયની ૨૪ કેમિકલ એન્જિનિયરિંગ કોલેજીસમાં એસઆરઆઈસીટી પ્રથમ ક્રમે રહી છે. સંસ્થાના વિદ્યાર્થી આદિત્ય ચૌમાલે ૧૦માંથી ૧૦ એસપીઆઈ મેળવી રાજયમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે અને વિદ્યાર્થીની વિદ્યા જાદવે કેમિકલ એન્જિનિયરિંગ સ્ટુડન્ટ્સમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. સંસ્થાની આ સિદ્ધિ બદલ એડમિનિસ્ટ્રેટર અશોક પંજવાણીએ આ સિદ્ધિ બદલ તમામ સ્ટુડન્ટ્સ અને ફેકલ્ટીઝને અભિનંદન પાઠવી પ્રોત્સાહન પુરૂ પાડ્યું છે.

અંકલેશ્વર રાજપીપલા રોડ પર ભંગારના ગોડાઉનમાં આગ

બે મહિનામાં સતત ત્રીજી વખત બની આગની ઘટના

અંકલેશ્વર

અંકલેશ્વરના રાજપીપલા રોડ પર આગ લાગવાનો સીલસીલો યથાવત રહેતા વધુ એક વાર પ્લાસ્ટિકના ભંગારના ગોડાઉનમાં અને લાકડાના જથ્થામાં આગની ઘટના બનવા પામી છે .આ ઘટનામાં અંદાજે ત્રણ જેટલા ફાયર ફાયટરોએ આવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો .

ઘટના અંગે જાણીએ તો આગાઉની જેમ તારીખ પહેલી માર્ચ ૨૦૧૯ની મોડી રાત્રે રાજપીપલા રોડ પરના શાંતિનાગર પાસે એક પ્લાસ્ટિકના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા દોડધામ મચી જવા પામી હતી. આગે અચાનક વિકરાળ સ્વરૂપ ધારણ કરતા બાજુમાં આવેલ લાકડાનો જથ્થો પણ ભીષણ આગની લપેટમાં આવી ગયો હતો. આગને પગલે લોક ટોળા ઉમટી પડતા ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ડીપીએમસીના ત્રણ જેટલા ફાયર ફાઈટરોએ આવી આગ પર કાબુ મેળવ્યો હતો.

હાલ તો આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી પરંતુ આગાઉ બે ભીષણ આગની ઘટનાને ધ્યાને લઇ કોઈક તોફાની તત્વો દ્વારા આગ લગાવવામાં આવી હોય તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે .

ઘટના અંગે જાણીએ તો આગાઉની જેમ તારીખ પહેલી માર્ચ ૨૦૧૯ની મોડી રાત્રે રાજપીપલા રોડ પરના શાંતિનાગર પાસે એક પ્લાસ્ટિકના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા દોડધામ મચી જવા પામી હતી. આગે અચાનક વિકરાળ સ્વરૂપ ધારણ કરતા બાજુમાં આવેલ લાકડાનો જથ્થો પણ ભીષણ આગની લપેટમાં આવી ગયો હતો. આગને પગલે લોક ટોળા ઉમટી પડતા ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ડીપીએમસીના ત્રણ જેટલા ફાયર ફાઈટરોએ આવી આગ પર કાબુ મેળવ્યો હતો.

ખાસ નોંધવું રહ્યું કે મધ્ય રાત્રી એ બનેલ આગની ઘટના ધોરી માર્ગ થી ઘણે દૂર હોવાની મોટી દુર્ઘટના બનતા અટકી હોય તે વાત ને નકારી શકાય તેમ નથી ત્યારે જીઆઈડીસી પોલીસે પણ આકસ્મિક આગ અંગેની અને વ્યાપક નુકશાન અંગેની જાણવા જોગ ફરિયાદ નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

વરાછામાં એટીએમ તોડી ચોરીનો પ્રયાસ કરનાર રંગેહાથ ઝડપાયો

સુરત

વરાછા લંબે હનુમાન રોડ એ.પી.આર. કોમ્પલેક્ષમાં આવેલ ઈન્ડસઈન બેન્કનું એટીએમ મશીન તોડવાનો પ્રયાસ કરનાર ચોર રંગે હાથ ઝડપાઈ ગયો હતો.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા એએચ રોડ મેહુલભાઈના ખાતામાં કામ કરતો વિક્રમ સંજય કિર્તનીયા ગત તા. ૧/૩/૧૯ ના રોજ રાત્રે એક વાગ્યાની સુમારે ઈન્ડસઈન બેન્કના એટીએમ રૂમમાં ઘૂસી જઈ લોખંડની હથોડીથી કેમેરાને નુકસાન કરી મશીનની તિજોરી તોડવાનો પ્રયાસ કરી ચોરી કરવાની કોશિષ કરી હતી. પરંતુ પૈસા નહીં નીકળતા ભાગવા જતા ઝડપાઈ ગયો હતો. વરાછા પોલીસે આરોપી વિક્રમ સંજયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજપીપળાની સાડીની દુકાન પરથી ભર બપોરે ૪૦ હજારની સાડીના પાર્સલની ઉઠાંતરી



નજીકના સીસીટીવી ફુટેજમાં ત્રણ ચોર યુવાનો પાર્શલ લઈ જતા નજરે પડતા પોલીસે શોધખોળ શરૂ કરી

રાજપીપળા : રાજપીપળા શહેરના દોલત બજાર વિસ્તારમાં આવેલી ન્યૂ શીતલ ક્લોથ સ્ટોર નામની દુકાનના મલિક યુસુભાઈ કુરેશીએ સુરત અને અમદાવાદ થી મંગાવેલા દુકાનના માલને દુકાનમાં ઘરાકી હોય બહાર ઓટલા પરના પાટ પર મુક્યા બાદ ઘરાક જતા પાર્શલ ખોલવા માટે જતા સુરતથી આવેલું સાડીનું પાર્શલ ગાયબ જણાતા આસપાસ તપાસ કરી છતાં એક બંડલ ન હતું જેથી દુકાનદાર યુસુફભાઈ કુરેશીએ નજીકમાં લાગેલા ખાનગી સીસીટીવી કેમેરા જોતા સ્પષ્ટ જણાયું કે કોઈ અજાણ્યા ત્રણ યુવાનો અન્ય મહિલા પણ હતી અને એક યુવાનના ખભે સાડીનું પાર્શલ ચડાવ્યા બાદ એ બધા ત્યાંથી ફરાર થઈ ગયા હતા જેથી યુસુફભાઈને અંદાજ આવ્યો કે રૂપિયા ૪૦,૯૭૧/- ના સાડીના પાર્શલની ચોરી થઈ હોય તેમને રાજપીપળા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ત્રણ અજાણ્યા યુવાનો વિરુદ્ધ ૪૦,૯૭૧/- રૂપિયાની સાડીના બંડલની ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજપીપળા પાસેના ભદામ ગામની નહેર પાસે પથ્થરો મારી હત્યા કરેલો મૃતદેહ મળતા ચકચાર



મૃતક એમપી તરફનો છે જયારે હત્યા કરનાર અજાણ્યો વ્યક્તિ કોણ છે અને સેનાએ કારણે આ હત્યા કરી એ બાબતે પોલીસ તપાસ કરી રહી છે

રાજપીપળા : નર્મદા જિલ્લાના ંદોદ તાલુકાં આવેલા ભદામ ગામની નહેર પાસે એમપીના એક વ્યક્તિની પથ્થરો મારી હત્યા કરેલી લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદ તાલુકાના રાજપીપળાને અડીને આસલ ભદામ ગામની નહેર પાસે ગતરોજ કાગડીયાભાઈ ચીલ્લાભાઈ ચૌહાણ, (રહે. દેહવા,જી.અલીરાજપુર, મધ્યપ્રદેશ) નામના એક વ્યક્તિનો ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળતા આ બાબતે શૈલેષ ભરતભાઈ વસાવા રહે. ભદામ ટેકરા,નાંદોદ એ રાજપીપળા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે તાત્કાલિક સ્થળે જઈ તાપસ હાથ ધરી હતી ત્યારે તપાસમાં જાણવા મળ્યા મુજબ કોઈકે મોટા પથ્થરો મારી કાગડીયાભાઈની હત્યા કરી હતી જોકે હત્યા બાદ અજાણ્યો હત્યારો ત્યાંથી નાસી છૂટ્યો હતો જેથી રાજપીપળા પોલીસે હત્યાનો ગુનો નોંધી અજાણ્યા હત્યારાને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે ત્યારે કયા કારણોસર હત્યા થઈ એ બાબતે હાલ કઈ જાણી શકાયું નથી પરંતુ તપાસ બાદ સત્ય હકીકત બહાર આવશે. હાલ પોલીસે તપાસ હાથ ધરી મૃતદેહને પીએમ માટે મોકલી વધુ તપાસ શરુ કરી છે. ઘટનાની જાણ થતાંજ ડીવાયએસપી રાજેશ પરમાર ટીમ સાથે સ્થળે દોડી ગયા હતા ત્યારબાદ રાજપીપળા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.તપાસ ટાઉન પીઆઈ આર.એન.રાઠવા કરી રહ્યા છે.

ધો.૧૦માં આ વખતે ૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

૭ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા, મુખ્યમંત્રી કાર્યાલયથી થશે મોનિટરિંગ

ગાંધીનગર

આગામી ૭ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા શરૂ થવા જઈ રહી છે. જેનું સીધું મોનિટરિંગ મુખ્યમંત્રી કાર્યાલય પરથી કરવામાં આવશે. આ સાથે-સાથે સીસીટીવી દ્વારા પણ દરેક પરીક્ષાર્થી પર નજર રાખવામાં આવશે.

જેથી કરીને પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થઈ શકે. એટલું જ નહીં પરંતુ આ વખતે દરેક પેપર વચ્ચે એક-એક દિવસની રજા પણ રાખવામાં આવી છે. જેથી કરીને વિદ્યાર્થીઓને તૈયારીનો સમય મળી રહે.

ઉલ્લેખનીય છે કે, ધોરણ-૧૦માં આ વખતે ૧૧ લાખ ૫૯ હજાર ૭૬૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જઈ રહ્યા છે. જેમાં ૭ લાખ ૫ હજાર ૪૬૫ વિદ્યાર્થીઓ અને ૪ લાખ ૫૪ હજાર ૨૯૭ વિદ્યાર્થીનીઓ પરીક્ષા આપશે. આ વખતે ધોરણ ૧૦માં ૬ હજાર ૨૨૨ દિવ્યાંગ વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપવાના છે.

જ્યારે ધોરણ ૧૨માં આ વખતે ૬ લાખ ૮૦ હજાર ૩૦૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જેમાં ધોરણ ૧૨ સાયન્સમાં ૧ લાખ ૪૭ હજાર ૩૦૨ વિદ્યાર્થીઓ અને સામાન્ય પ્રવાહમાં ૫ લાખ ૩૩ હજાર ૬૨૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

સૌથી મહત્વની બાબત તો એ છે કે, તમામ પરીક્ષા કેન્દ્રો પર CCTVથી બાજ નજર રાખવામાં આવશે અને જો ચાલુ પરીક્ષામાં કોઈપણ પરીક્ષા કેન્દ્રના CCTV કેમેરામાં ખામી જણાશે તે તેના માટે જવાબદાર લોકો સામે શિક્ષાત્મક પગલા પણ ભરવામાં આવશે.

પરિણીતાએ લગ્નની ના પાડતા પ્રેમીએ ક્રૂરતા પૂર્વક હત્યા કરી દેતા ચકચાર મચી

નવસારી

પ્રેમમા પાગલપન કેટલીક વાર ખતરનાક સ્વરુપ પણ ધારણ કરતુ હોય છે અને મોતનો નગ્ન નાચ પણ ખેલાઈ જતો હોય છે અને લગ્નેતર સંબંધો કેટલીક વાર સ્ત્રીઓ માટે ઘાતક સાબિત થતા હોય છે એવો એક કિસ્સો સામે આવ્યો છે. નવસારીના બીલીમોરા શહેર નજીક આવેલા ખાપરવાડા ગામે પરિણીતાએ લગ્નની ના પાડતા પ્રેમીએ ક્રુરતા પુર્વક હત્યા કરી દેતા ચકચાર મચ્યો છે.

બીલીમોરા શહેર નજીક આવેલ ખાપરવાડા ગામની અને ચીખલીમા પરણીને આવેલી પોતાનાજ મિત્રની પત્ની અસ્મિતાના પ્રેમમા હતો. ૧ વર્ષથી પ્રેમ સંબંધમા હતો, એવા ચેતન પટેલ અસ્મિતા સાથે લગ્ન કરવા માંગતા હતા, પરંતુ પરિણિતા અસ્મિતા ના પાડતા તેના પીયર ખાપરવાડા ગામે રસ્તામા આંતરી ક્રુરતાથી હત્યા કરી નાંખી હતી. આ ઘટનામાં પરિણીતાનો માથાનો ભાગ પથ્થરથી છુંદી નાખ્યો હતો અને પોતાના ગામ ચીખલી જઈ પોતે પણ ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પોલીસને સમગ્ર પ્રેમપ્રકરણની જાણ થતા સારવાર લઈ રહેલા આરોપીની ધરપકડ કરી આગળી કાર્યવાહી શરુ કરી છે.

પરિણીતા અસ્મિતાના ગળાડુંબ પ્રેમમા એવા કુવારો ચેતન પટેલ કોઈ પણ રીતે અસ્મિતાને પોતાની જીવનસાથી બનાવવાના સપના જોતો હતો. અસ્મિતાએ ના પાડતા પ્રેમમા નિષ્ફળતા પામેલા કેતન પટેલે આખરે મનમાં નક્કી કર્યું હતું કે, તું મારી ન થાય તો બીજાની પણ નહી થવા દેવ. જેથી અસ્મિતાને તેના પીયર ખાપરવાડા ગામે આંતરીને વહેલી સવારે હત્યા કરી નાંખી હતી.

ભરૂચ જિલ્લામાં દરીયાકાંઠે વાઇટલ ઈન્સ્ટોલેશન અને લેન્ડીંગ પોઇન્ટો પર પેટ્રોલીંગ કડક બનાવવા કાર્યવાહી કરાઈ



દરીયાઇ વિસ્તારોમાં કોઈ ઘુસણખોરી કે આંતકવાદી હુમલો ન થાય અને સમગ્ર રાજયમાં કોઈ આતંકવાદને લગતો બનાવ ન બને તેના માટે તકેદારી

ભરૂચ જીલ્લાને અંદાજીત ૨૮૦ કી.મી.નો દરીયાઇ કિનારો આવેલો છે જે કાવી કંબોઇ થી શરૂ કરી અને હાંસોટ સુધી વિસ્તૃત છે. પ્રવર્તમાન સમયમાં ભારતીય વાયુસેના ધ્વારા સરહદી વિસ્તારોમાં આંતકવાદ વિરોધી કાર્યવાહી કરવામાં આવેલ, જેના અનુસંધાને સમગ્ર રાજયમાં કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતી જળવાઇ રહે તથા સરહદી તથા દરીયાઇ વિસ્તારોમાં કોઇ ઘુસણખોરી કે આંતકવાદી હુમલો ન થાય અને સમગ્ર રાજયમાં કોઇ આતંકવાદને લગતો બનાવ ન બને તેના માટેની તકેદારીના ભાગરૂપે ડી.આઇ.જી. એ.ટી.એસ અને કમાન્ડર મરીન ટાસ્ક ફોર્સનો વધારાનો હવાલો સંભાળતા ડી.આઇ.જી. હિમાંશુ શુક્લનાઓ તથા પોલીસ અધિક્ષક ભરૂચનાઓએ સયુંકત રીતે પોતાની ટીમ સાથે ભરૂચ જીલ્લાના સંવેદનશીલ વિસ્તાર તથા વાઇટલ ઈન્સ્ટોલેશનની મુલાકાત લઇ અને સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન કઇ રીતે બનાવવી તે અંગેની સમીક્ષા કરવામાં આવેલ સુરક્ષા વ્યવસ્થા કડક બનાવવાના ભાગરૂપે બન્ને અધિકારીશ્રીઓ તરફથી એસ.ઓ.જી. એલ.સી.બી, મરીન ટાસ્કફોર્સના કમાન્ડો, એલ.આઇ.બી, ક્યુ,આર,ટી. તથા બી.ડી.એસ. ટીમને એલર્ટ રહેવા તથા દરીયાકાંઠે વાઇટલ ઈન્સ્ટોલેશન અને લેન્ડીગ પોઇન્ટો પર પેટ્રોલીગ સઘન બનાવવા કાર્યવાહી હાથ ધરેલ છે.

કચેરીનું ભાડુ નહી ભરાતા મકાન માલિકે તાળુ મારી દીધુ બોલો..સુરતમાં વીજ કંપનીની કચેરીને જ તાળા લાગ્યા

સુરત

સુરતના ઓલપાડ ખાતે વીજ કંપનીની કચેરીને જ તાળા લાગ્યા છે. ભાડાના મકાનમાં ચાલતી વિજ કંપનીની કચેરીનુ ભાડુ નહી ભરતા મકાન માલિકે તાળુ મારી દીધુ છે. ઓલપાડ-સુરત મેઈન રોડને અડીને આવેલ વીજ કંપનીની ઓલપાડ ખાતેની કચેરી વર્ષોથી ભાડાના મકાનમાં ચાલે છે. પરંતુ છેલ્લા ૨૧ મહિનાથી મકાનનું ભાડું ન ચુકવતા મકાન માલિકે વીજ કંપનીની કચેરીને તાળુ મારી દીધુ હતુ. જેથી વીજ બીલ ભરવા આવેલા ગ્રાહકોના બિલ ભરવા માટે કચેરીની બહાર ટેબલ મૂકી ગ્રાહકોના નાણાં સ્વીકારવાની ફરજ પડી હતી.

ભારતીય યુથ કોંગ્રેસના પ્રવક્તા પદે પાર્થિવરાજસિંહ કઠવાડિયાની નિમણુંક



રાજપીપળા:અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી દ્વારા આગામી ૨૦૧૯ લોકસભા ચૂંટણીને લઈને સંગઠનમાં નવી નિમણુકો કરાઈ રહી છે.વિદ્યાર્થીકાળથી કોંગ્રેસ સાથે જોડાયેલા મૂળ રાજપીપળાના એવા પાર્થિવરાજસિંહ કઠવાડિયાની ભારતીય યુથ કોંગ્રેસના પ્રવક્તા પદે નિમણુંક કરી છે.અત્રે એ ઉલ્લેખનીય છે કે પાર્થિવરાજસિંહ કઠવાડિયા એન.એસ.યુ.આઈ થી લઈને યુથ કોંગ્રેસ સુધીની તમામ જવાબદારીઓ નિભાવી છે. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ ગુજરાત યુનિવર્સીટીમાં ગવર્નર નોમીની સેનેટ સભ્ય તરીકે,ગુજરાત પ્રદેશ એન.એસ.યુ.આઈ ના મહામંત્રી અને ઉપપ્રમુખ તરીકે અને ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસમાં એલેકટેડ મહામંત્રી તરીકે પોતાની સેવાઓ આપી છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847